# <u>પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય</u>

# માતેશ્વરી જગદંબા સરસ્વતી ની પુણ્ય તિથી ઉજવશે.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા દરેક વર્ષ ૨૪ જુનના રોજ માતેશ્વરી જગદંબા સરસ્વતીની પુણ્યતિથી નિમિત્તે તપસ્યા-ભોગ તેમજ તેમના જીવન ચારીત્ર્ય પર પ્રવચન કરશે|**

**માતેશ્વરી આપણા જેવા સાધારણ પરિવારના અને અભ્યાસ પણ સાધારણ કરી આ ઈશ્વરીય પરિવારમાં ૧૮ વર્ષની ઉંમરે આવી શિવાબાબાના એકેક શબ્દ ખુબજ ધ્યાનથી પ્રેમપૂર્વક સાંભળતાં. એકવાર શિવબાબાએ માંતેશ્વરીને કહ્યું કે તમે લક્ષ્મી બનશો. ત્યારથી તેમના જીવનમાં પરિવર્તન આવ્યું. ગુણવાન બનવું છે, ગુણ જોવા છે, ગુણદાન કરવું છે. આ ત્રણ વાતોમાં તેંઓ નિશ્ચયી હતા. જેથી નાની ઉંમરે ઉંચી ધારણાને કારણે તેમને નાના મોટા સૌ મમ્મા કહેવા લાગ્યા.**

માતેશ્વરી સખત પરિશ્રમ દ્વારા પૈસાના ગુલામ ન બનતા પૈસાને ગુલામ બનાવી પરમપિતા પરમાત્મા દ્વારા સ્થાપિત સતયુગી વિશ્વની પ્રથમ મહારાણી શ્રી લક્ષ્મી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું. તેમના જીવનથી એવું સિદ્ધ થાય છે કે શ્રી લક્ષ્મીપદ માત્ર સ્થૂળ ધનના આધારે નથી મળતું. શ્રી લક્ષ્મી બનવા માટે ધનવાન થવું આવશ્યક છે.

સ્થૂળ ધન કોઈને નરમાંથી શ્રી નારાયણ અને નારીને શ્રી લક્ષ્મી નથી બનાવી શકતું. શ્રી નારાયણ અગર શ્રી લક્ષ્મીપદની પ્રાપ્તિ માટે જ્ઞાન યોગનો અભ્યાસ, દૈવી ગુણોની ધારણા, વિશ્વના સર્વ આત્માઓની સેવા તથા વહીવટી યોગ્યતાઓની આવશ્યકતા છે.

પહાડ જેવી સમસ્યા આવી પડે તો પણ સત્યની વાત પર અતુટ વિશ્વાસ, દ્રઢ નીશ્ચ્ય, પરમાત્મા પર સ્થિર શ્રધ્ધા તથા સમસ્યાઓનું સમાધાન કરવાનો ગુણ સિધ્ધ કરી શ્રી લક્ષ્મી જેવું સર્વશ્રેષ્ઠ પદ પ્રાપ્ત થઇ શકે છે એ માંતેશ્વરીએ પોતાના જીવનમાં પુરવાર કર્યું.

માંતેશ્વરીની વાણી એટલી સુંદર-મધુર અને સ્પષ્ટ હતી કે સાંભળનારના દિલમાં તે ઘર કરી જતી. તેમની વાણીમાં અનેકોને પોતાના પ્રશ્નોનું સમાધાન મળતું.

બ્રહ્માકુમારી બનતા પહેલા તેમનું લક્ષ હતું કે હું ભક્ત શિરોમણી મીરાં સમાન કોઈ એવું કાર્ય કરીશ. જેથી લોકો મને યાદ કરતા રહેશે. ત્યારપછી તેઓએ પોતાનું જીવન પ્રભુ પ્રત્યે સમર્પણ કર્યું. ભક્તિમાં પરમાત્મા દ્વારા અપ્રત્યક્ષ ફળ મળેછે અને જ્ઞાનમાર્ગમાં પરમાત્મા આપણને પ્રત્યક્ષ રૂપે મળેછે.

માતેશ્વરીના જીવનમાંથી આપણે એટલું જ શીખવાનું કે પરમાત્મા જે હાલતમાં આપણને રાખે તે પ્રમાણે રહેવું.

શ્રી લક્ષ્મી બનવા માટે લૌકિક અભ્યાસની પણ કોઈ આવશ્યકતા નથી. પરંતુ ઈશ્વરીય અભ્યાસ અને શ્રેષ્ઠ ધારણાઓના આધાર પર શ્રેષ્ઠ પદની પ્રાપ્તિમાં શું અંતર છે તે માતેશ્વરીએ સિધ્ધ કરી બતાવ્યું છે.

શિવબાબાએ માતેશ્વરીના માથે અમૃતકળશ મૂકયો. તે ધારણ કરી પિતા-પ્રસાદરૂપે મળેલ જ્ઞાનનું અમૃતપાન કરાવતા તેઓ કાયમ શિવબાબાએ એવું કહ્યું છે, શિવબાબાએ એવું સમજાવ્યું છે તેમ કહેતાં. પરંતુ પોતાનો મત ક્યારે પણ વ્યકત કર્યો નથી.

શિવબાબાની પૌત્રી બ્રહ્માંબાબાની દિકરી બનીને સર્વની મનોકામના પૂર્ણ કરનારી કામધેનું માં બની તેઓએ શિવબાબાના જ્ઞાનને ધારણ કર્યું. માટે વિદ્યાની દેવી આપણે તેમને યાદ કરીએ છીએ. સંબંધમાં એટલી સ્વચ્છતા, પવિત્રતાની શક્તિ જે જગદંબા જેવું તેમનું મુખારવિંદ લક્ષ્મી સ્વરૂપ બન્યું.

****